# સુરત શહેર ચિત્ર શિક્ષક સંઘ

આયોજીત

# ભારત ભાગ્ય વિધાતા - રંગમહોત્સવ

आज़ादी का अमृत महोत्सव

## વિષય : રંગમહોત્સવમાં આપની શાળાના બાળકોને સહભાગી બનાવવા બાબત

પ્રતિ આચાર્યશ્રી,

જય ભારત સાથ જણાવવાનું કે વર્તમાન સમયમાં બાળકોની અંદર રહેલી સર્જનાત્મક શક્તિ ખીલી ઉઠે અને પરીક્ષાલક્ષી જીવનમાં રહેતા ડરને દૂર કરીને આત્મનિર્ભર બનીને જીવનમાં આત્મવિશ્વાસ કેળવે તે ખૂબ જ જરૂરી છે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબે પણ આ દિશામાં હરહંમેશ ચિંતા અને ચિંતન કરતા રહ્યા છે. "એકઝામ વોરિયર્સ"ના માધ્યમથી હરહંમેશ સૂચનો પણ આપતા રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં યોજાનાર પરીક્ષાઓમાં બાળકો "ભયમુક્ત" બનીને આત્મનિર્ભર બને તેવા શુભ આશયથી "સુરત શહેર ચિત્ર શિક્ષક સંઘ" આયોજીત "ભારત ભાગ્ય વિધાતા - રંગમહોત્સવ" નું આયોજન કરવામાં આવ્યું છે. તો રંગમહોત્સવમાં આપણી શાળાના બાળકોને સહયોગી બનાવશો એવી અપેક્ષા સહ...

રસીકભાઈ ઝાંઝમેરા
રમણીકભાઈ ઝાપડિયા
કન્વીનર
રંગમહોત્સવ સમિતિ

મયુર આડમાર
પ્રમુખશ્રી
સુરત શહેર ચિત્ર શિક્ષક સંઘ

### સ્પર્ધા અંગેના નિયમો અને સૂચનો :-

(૧) શાળામાંથી ધોરણ ૯ થી ૧૨ સુધીના વધારેમાં વધારે ૧૦ અને ઓછામાં ઓછા ૮ વિદ્યાર્થીઓ જોડવાના રહેશે. સાથે આપવામાં આવેલ પત્રકમાં સંપૂર્ણ વિગતો શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે તમારા વિભાગની SVS માં મોકલવાના રહેશે.

(૨) કલાકૃતિના સર્જન માટે ૨૬ × ૨૬ સે.મી.નો પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. બાકીનાં બધો જ સામાન વિદ્યાર્થીઓએ લાવવાનો રહેશે.

(૩) કલાકૃતિના સર્જનમાં વોટરકલર, પેસ્ટલ કલર, ડ્રાય પેસ્ટલ, સ્કેચપેન, ઈન્ક કે ચારકોલનો ઉપયોગ કરી શકાશે. મિક્ષમિડીયામાં પણ કામ કરી શકાશે.

(૪) કલાકૃતિમાં મૌલિકતા હોવી ખૂબ જ જરૂરી છે. સ્વચ્છતાને પ્રાધાન્ય આપવું ખૂબ જ જરૂરી છે.

(૫) સમય :- ત્રણ કલાકનો રહેશે. સમય મર્યાદામાં કલાકાર્ય પૂર્ણ કરવાનું રહેશે.

(૬) સમગ્ર સ્પર્ધામાંથી ૧૦ કલાકારોને વિજેતા જાહેર કરવામાં આવશે. વિજેતા કલાકારોને ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. ભાગ લેનાર દરેક કલાકારોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૭) દરેક ભાગ લેનાર કલાકારોને માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા લેખિત "એકઝામ વોરિયર્સ" પુસ્તક આપવામાં આવશે, તેના આધારે મૌલિક સર્જન દ્વારા કલાકૃતિ રજૂ કરવાની રહેશે.

(૮) તજજ્ઞ કલાકારો દ્વારા નિર્ણાયક ભૂમિકાનું કાર્ય કરવામાં આવશે અને તે નિર્ણય માન્ય ગણવામાં આવશે.

(૯) સ્પર્ધા તારીખ ૨૧/૧/૨૦૨૩ ને શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી SVS સંકુલમાં યોજવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે સવારે ૮.૩૦ કલાકે સ્થળ પર કરાવવાનું રહેશે.

### -: ઝોન પ્રમાણે સ્પર્ધામાં ભાગ લેવાનું સ્થળ :-

| | | |
|---|---|---|
| રાંદેર-અડાજણ-અઠવાલાઈન્સ | : | સંસ્કારભારતી વિદ્યાલય, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત |
| કતારગામ-વેડરોડ-અમરોલી | : | શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, વેડરોડ, સુરત |
| મોટાવરાછા-વરાછા-પૂણા-ઉધના | : | એલ.પી.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ, પૂણાગામ, સુરત |

# સુરત શહેર ચિત્ર શિક્ષક સંઘ

આયોજીત

## ભારત ભાગ્ય વિધાતા - રંગમહોત્સવ



શાળાનું નામ :- ____________________

સરનામું : ____________________ ફોન નં. : ____________________

આચાર્યશ્રીનું નામ : ____________________ મો. ____________________

સ્પર્ધાના પ્રતિનિધિનું નામ/કલાશિક્ષકશ્રીનું નામ : ____________________

____________________ મો. ____________________

| ક્રમ | ભાગ લેનાર કલાકારનું નામ | ધોરણ-વર્ગ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |